## 1. નવજાગૃતિ માટે ક્યાં પરિબળો જવાબદાર હતાં ?

- યુરોપના લોકોની માનસિક ક્રાંતિ થઈ હતી. બૌદ્ધિક ચળવળની શરૂઆત હતી. લોકોમાં નવું જાણવાજો વાની જિજ્ઞાસા અને જ્ઞાનપિપાસા જાગૃત થઈ હતી, મધ્યયુગીન સંસ્થાઓ અને વિચારસરણીમાં પરિવર્તન આવી રહ્યું હતું. જેણે રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક પાસાઓ પર વ્યાપક અસર કરી હતી. સમાજ આ સમયે માનસિક ગુલામીમાંથી બહાર આવી રહ્યો હતો.
- મધ્યયુગીન સામંતશાહી તથા જાગીરદારી પ્રથાના અંતની શરૂઆત થઈ તથા નગરો વસ્યાં. વેપારીવર્ગો ધર્મ કરતાં વિજ્ઞાનને વધુ મહત્ત્વ આપ્યું. માનવી અંધશ્રદ્ધા, વહેમ, રૂઢિગત ખ્યાલોથી ઉપર ઊઠીને વિવેક, બુદ્ધિ અને તર્કથી કોઈપણ બાબત વિચારતો થયો. ધર્મનું સ્થાન બુદ્ધિ અને તર્ક લીધું. દરેક બાબતમાં ધર્મના બદલે માનવને મહત્ત્વ અપાયું.
- પરલોકના કાલ્પનિક સુખના બદલે આ જગતના વાસ્તવિક સુખ એન ભોગવાદ તરફ લોકોનું આકર્ષણ વધ્યું. આ સમયે બુદ્ધિવાદ, માનવતાવાદ, ભૌતિકવાદની સાથે ઉન્નતા, વિશાળતાનો વિકાસ થયો તેથી આ યુગને નૈતિક વિસ્તરણ યુગ પણ કહે છે. ધર્મયુદ્ધો, કોન્સેન્ટિનોપલનું પતન, આરબોના સંપર્ક તેમજ ભૌગોલિક શોધખોળના કારણે આરબોની કલા પ્રાચીન વિજ્ઞાન, સાહિત્યનો પરિચય થયો. નવા શહેરી વિસ્યાં. વસ્તુવિનિમયના સ્થાને નાણાંનો વ્યવહાર વધ્યો.
- આ સમયે યુરોપમાં પ્રચલિત બનેલી ઉક્તિ ‘‘સ્વતંત્રતાની શોધમાં હો તો શહેરમાં જાવ"ના પરિણામે વેનીસ, જીનીવા જેવાં નગરોનો ઘણો વિકાસ થયો. ખ્રિસ્તી વિદ્વાનોએ ઇટાલીમાં ગ્રીક અને લેટિન ભાષાની શાળાઓ ખોલી કાગળ, છાપખાનાની શોધથી મોટી સંખ્યામાં પુસ્તકો છપાવા લાગ્યાં. જેનાથી પ્રાચીન ગ્રીસ અને રોમના તત્ત્વચિંતકોના વિચારોનો પરિચય સામાન્ય લોકોને થયો , વિશ્વવિદ્યાલયની સ્થાપના થઈ. જસ્ટિનિયન પ્લેટો, એરિસ્ટોટલ, રોજર બેકન વગેરેના અભ્યાસનું મહત્ત્વ વધ્યું, ઇટાલી, જર્મની, સ્પેન અને ફ્રાંસના લોકો માટે જોડણી કોશ તૈયાર કરવામાં આવ્યો. આ સમયે નન્તએ પોતાની કૃતિ ‘ડિવાઇન કોમેડી’ માં ધાર્મિક બાબત સાથે ખગોળ, ભૂગોળ અને ભૌતિક વિજ્ઞાનની સમજ આપી.
- ઇંગ્લેન્ડના અંધ કવિ મિલ્ટને બાઇબલની આદમ અને ઇવની કથાના આધારે ‘પેરેડાઇઝ લોસ્ટ’ નામનું મહાકાવ્ય લખ્યું. મહાન નિબંધકાર ફ્રાન્સીસ બેકન અને મહાન નાટ્યકાર, શેક્સપિયર નવજાગૃતિના સમયની ભેટ છે. માર્ટિન લ્યુથરે બાઇબલનો જર્મન ભાષામાં અનુવાદ કર્યો. આ સમયના લિઓનાર્દોદવિન્સીએ ‘મોનાલિસા’ અને ‘લાસ્ટ સપર’, રાફેલે ‘‘મેડોના’’ અને ‘ધી સ્કુલ ઓફ એથેન્સ’ના ભીતચિત્રો તેમજ માઇકલ એન્જલો એ રોમમાં દોરેલા 300 ભીતચિત્રો દ્વારા ચિત્રકલાને ઉચ્ચ શિખરે પહોચાડી. સ્થાપત્યના ક્ષેત્રે પણ ફિલિપ્પો, માઇકલ એન્જલો અને બાપે જેવા સ્થપતિઓએ પોતાના બાંધકામક્ષેત્રે મહાન સિદ્ધિ મેળવી.

## 2. ધર્મસુધારણાનું સ્વરૂપ જણાવો.

- ખ્રિસ્તી દેવળ સંસ્થામાં સુધારણા માટેનું આંદોલન એટલે ‘ધર્મસુધારણા’ ખ્રિસ્તી ધર્મમાં મૂળભૂત એવા સાદાઈ, સેવા, સત્ય, સમાનતા અને ભ્રાતૃભાવ સ્થાને પ્રવેશેલાં જોહુકમી, ભ્રષ્ટાચાર, શોષણ અને દંભ સામે જે પ્રચંડ આંદોલન થયું તે ધર્મસુધારણા તરીકે ઓળખાય છે.
- પોતાના સ્વાર્થી હિત માટે પાદરીઓ, બિશપો અને ખ્રિસ્તી સાધુઓએ ઈશુના માનવતાવાદી ઉદેશોને વિકૃત કરી નાંખ્યા. ઈશુના મૂળ સંદેશને ફરી સ્થાપિત કરવા અને ખ્રિસ્તી સમાજની પુનઃરચના માટે પ્રજાએ ઉપાડેલ

આંદોલન અમેરિકા તરીકે ઓળખાય છે. માર્ટિન લ્યુથર નામના જર્મન પાદરીએ વિટેનબર્ગના દેવળ ના દરવાજે 95 મુદાવાળી યાદી ચોટાડી જેમાં ઇશુના મૂળસંદેશ મનની પવિત્રતા, સાદગી, સરળતા અને ઈશ્વર ની અનુકંપા પર વિશ્વાસ જેવી બાબતો મુખ્ય હતી, જેને લોકોનું જબરદસ્ત સમર્થન મળ્યું.

- ધર્મસુધારણા નું આદોલન એ સાચા અર્થમાં કેથોલિક ધર્મની અમુક માન્યતાઓનો વિરોધ પોતાની એકહથ્થુ સત્તા સામે પડકાર હતો. ધર્મગુરુઓ ના વિકૃત થતા જતા જીવનને સુધારવાના પ્રયત્નોની પ્રક્રિયા હતી. લોકોની અંધશ્રધ્ધા અને અજ્ઞાનતા દૂર કરવા માટેનો પ્રયાસ હતો.
- બાઈબલના સાચા સંદેશને લોકો માં ફેલાવવા માટેનો પુરુષાર્થ હતો. આજ સુધી પોપ દ્વારા બાઈબલના નામે અપાતા બનાવટી ઉપદેશને બદલો લાવે લોકોને સાચી સમજ મળી, તેથી પોપ રાખ્યું. જહોન હસનું નામ પણ વિરોધ કરનારામાં આગળ પડતું હતું. તેને કેદ કરી જીવતો બાળી નાખવામાં આવ્યો. રોમના પોપ વિરોધ અવાજ ઉઠાવનાર ‘સાવોનારોલાને પણ જીવતો સળગાવી દેવાયો, જહોન વિકલીફ, જહોન હસ અને સાયોનારોલાની નિષ્ફળતાનું કારણ લોકોની અપરિપક્વ સમજ અને પનિક વર્ગોના સાથનો અભાવ હતો.
- ધર્મ સુધારણાને કારણે દેવળ અને પોપની સર્વોપરિતા નષ્ટ થઈ. લોકોને સ્વતંત્ર રીતે વિકાસ સોપવાની તક મળી. વિદ્યાભ્યાસને ઉત્તેજન મળ્યું. બાઇબલ પ્રમાણે સત્યની શોધની છૂટ મળતાં માત્ર પમના ક્ષેત્રે નહી પરંતુ અન્યાય, પાનેડ, ભ્રષ્ટાચાર અને જુલ્મ સામે લડવાની પ્રેરણા મળી. પર્મસુધારણા આંદોલન નવજાગૃતિનું પૂરક આંદોલન બન્યું.

### 3. નવજાગૃતિ કાળનાં વૈજ્ઞાનિક સંશોધનો ટૂંકમાં જણાવો.

- નવજાગૃતિના આંદોલન કારણો ધાર્મિક માન્યતાને સ્થાને લોકોની દૃષ્ટિ વૈજ્ઞાનિક બની. જેને કારણે પ્રાયોગિક સંશોધનો શરૂ થયાં.

  (A) મુદ્રણ કળા : પ્રાચીન મુદ્રણ કળામાં સુધારો કરીને છાપેલો પોપના લેટર્સ ઓફ ઇનડલ જન્મ અને બાઈબલને વ્યાપક આવકાર મળ્યો.

  (B) તબીબી ક્ષેત્ર : માનવશરીર પરના વાઢકાપનો પ્રતિબંધ દૂર થવાથી તબીબીને પણી પ્રાયોગિક પદ્ધતિ વિકસી. સર્જરીક્ષેત્રે માનવભૃણના મૂળ્યાસ દ્વારા અનેક રોગોની સારવારની પદ્ધતિ શોધાઈ. ફ્રેન્ચ સર્જન એબ્રાયજે અવર્ચીન સજરાવિધાનો પાયો નાંખ્યો.

  (C) ખગોળશાસ્ત્ર : ભૌતિકશાસ, રસાયણશાસ્ત્ર અને ખગોળવિજ્ઞાનના ક્ષેત્રે અનેક નવાં સંશોધનો થયાં. નિકોલસ કોપરનિકસ મહાન ખગોળશારસી હતો. અન્ય ખગોળશાસ્ત્રી ટોલેમીના ગ્રહોના પ્રમાણમાં કેન્દ્રસ્થાને પૃથ્વી છે એ સિદ્ધાંતને ખોટો સાબિત કર્યો તેણે કહ્યું. કેન્દ્રસ્થાને સૂર્ય છે. પૃથ્વી તેની આસપાસ ફરે છે. કોપર નિકસે પરિભ્રમણ નામના પુસ્તકમાં તું ફેરફાર, પૃથ્વી અને અન્ય ગ્રહોની સવિસ્તર માઠિતી આપી.

  (D) જૂના સિંધ્ધાતોનું ખંડનઃ દૂરબીનની ક્રાંતિકારી શોધ કરનાર ઈટાલીના વૈજ્ઞાનિક ગેલેલિયોએ બધા જ પદાર્થ એકસરખી ગતિએ નીચે પડે છે તે સાબિત કરીને એરિસ્ટોટલની અસમાન વજન ધરાવતા પદાર્ષ અસમાન ગતિથી નીચે પડે છે તે બાબતનું ખંડન કર્યું. દૂરબીનથી ચર્ચ ઉપદેશિત સ્વર્ગ અને ટોલેમીના સિદ્ધાંતોને ખોટા સાબિત કર્યા.

  (E) કલન શાસ્ત્ર : ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત આપનાર પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ન્યુટને ધી પ્રિન્સિપિયામાં ગતિના સિદ્ધાંતની સમજ આપી છે. દ્રષ્ટિ શાસ્ત્ર વિશે અનેક લેખો લખ્યા છે તેમજ કલન શાસ્ત્ર ની શોષ પ્રસિદ્ધ કરી છે.

(F) આધુનિક કેલેન્ડર : પોપ ગ્રેગરીએ જુલિયન કેલેન્ડરમાં સુધારા કરી જૂના પંચાંગને દસ દિવસ પાછળ લઈ જઈ શતાબ્દીના અને લીપ વર્ષના વધારાના દિવસને સુધારેલું પંચાંગ 'ગ્રેગેરિયન કેલેન્ડર' તરીકે ઓળખાયું.

### 4. ફ્રેંચ ક્રાંતિનાં પરિણામો જણાવો.

- 15મી સદીના મનમાં ફ્રાંસમાં આપખુદ રાજાશાહી અને સામત શાહીના અને અનિષ્ટો હતાં તેથી સામાજિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક ક્ષેત્રમાં અરાજકતા હતી. વિવિધ પ્રકારના અન્યાય સહન કરતી પ્રજા હવે જાગૃત બની હતી, તેના પરિણામે જ્યા મેળવવા માટે ફ્રાંસ ની પ્રજા એ ક્રાંતિ ની માર્ગ અપનાવ્યો.
- અરાજકતા ભરેલા વાતાવરણ માં મોનોસ્ક, વોલ્તર, રૂસો અને ડીડેરો જેવા ફ્રાંસના વિચારકોએ પ્રજાને વૈચારિક રીતે ક્રાંતિ માટે તૈયાર કર્યા. મોન્તસકે 'કાનુનની ભાવના' પુસ્તક દ્વારા કાયદા અને બંધારણીય સ્વતંત્રતા, સૌ એ 'સામાજિ ક કરાર' પુસ્તક દ્વારા માનવ માત્રની સમાનતા ડીડોરો એ વિશાળ વિશ્વકોષ દ્વારા કરવ્યવસ્થા , શાસન પદ્ધતિ અને ચર્ચના અધિકાર જેવા વિષયની સ્પષ્ટ સમજૂતી આપી.
- કાંતિના અંતે માનવહકનું જાહેરનામું પ્રસિદ્ધ થયું અને ફ્રાંસ નું નવું બંધારણ ઘડાયું. લૂઈ રાજાને પદભ્રષ્ટ કરી ફ્રાંસ ને પ્રજાસત્તાક જાહેર કરવામાં આવ્યું. (લૂઈ 16મા) ને તથા તેની રાણીને દેહાંતદંડની સજા કરાઈ (1793), ક્રાંતિ ને પરિણામે સામંતશાહી મધ્યયુગનો અંત આવ્યો. પ્રજાસત્તાક રાજયની સ્થાપના થઈ. ખેડૂતોને માલિકીહક્ક મળ્યા, પ્રજામાં એકતા અને રાષ્ટ્રીયતાનો ઉદ્ભવ સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના મહામૂલા સિદ્ધાંતની વિશ્વને ભેટ ધરી. ત્યારે ફ્રાંસ માટે જ નહી પરંતુ સમગ્ર વિશ્વની પ્રજા માટે નૂતન યુગની શરૂઆત કરી.
- વિશ્વના પરાધીન દેશોને સ્વતંત્ર બનાવવાની, લોકશાહી વિચારોને સમજવાની પ્રેરણા આ ક્રાંતિએ આપી. ક્રાંતિ બાદ ફ્રાંસમાં થોડા સમયમાં આંતરિક વિખવાદ અને હિંસાખોરીના કારણે પ્રજાસત્તાક શાસન બહુ લાંબો સમય સફળ થયું. નેપોલિયન બોનાપાર્ટે ફ્રાંસમાં સરમુખ ત્યારશાહીની સ્થાપના કરી. આ ક્રાંતિ ની સાચી સફળતા તેના આદર્શો અને સિદ્ધાંતોમાં રહેલી હતી તેથી તેની અસરો વિશ્વવ્યાપી બની.

### 5. સમાજવાદી વિચારસરણીના ઉદભવ અને વિકાસ વિશે ટૂંકમાં લખો.

- સમાજવાદી' શબ્દનો પ્રયોગ સૌપ્રથમ 'સોશિયાલિઝમ'માં ઈંગ્લેન્ડમાં રોબર્ટ ઓબાનના સામયિક લેગ્લોબ નામની ફ્રેન્ચ પત્રિકામાં (1832) થયો. સમાજવાદી વિચારક ફેડરિક લિસ્ટ અને થોમસ મૂડીવાદી સમાજ વ્યવસ્થાની ટીકા કરીને સામંતશાહીને માન્ય રાખતા ન હતા.
- પ્રદએ મજૂરોને જ માલિક ગણાવી માલિકને મળતું ભાડું , વ્યાજ, નફો વગેરે આપવાનો વિરોધ કર્યો. તો વળી, થોમસ કાર્લાઇલ માલિક અને મજૂર વચ્ચે ના સહકારને જરૂરી ગણે છે. સેન્ટ સિયોન અને કુરિઓ સામૂહિક માલિકીના હિમાયતી હતા. તેઓ આર્થિક અને સામાજીક બંધારણનું આયોજન રાજય દ્વારા થાય તે અંગેના પોતાના વિચારો રજૂ કર્યા.
- ઉપર મુજબ અલગઅલગ વિચારકો દ્વારા સમાજવાદને સમજાવવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. અને જેને આધારે કહી શકાય કે "ઉત્પાદનનાં સાધનો પર વ્યક્તિગત માલિકીના સ્થાને સાર્વજનિક માલિકીના હક્કના સ્વીકારનો સિદ્ધાંત સમાજવાદના પાયામાં છે." સમગ્ર સમાજવાદી ચળવળ ના આત્મારૂપ ટ્રેડયુનિયન ના આંદોલન ની પ્રવુતી ને રોબર્ટ ઓવને નેતૃત્વ નું સિંચન કર્યું. ઓવન સમાધાન અને સમજાવટ માં માનતો હતો. કાર્લ માર્કસ સમજવાદી,સામ્યવાદિ ચિંતકોને તરંગી કહેતા હતા,છતાં સમાજવાદ માં આપેલ તેઓના યોગદાન નો કાર્લ માર્કસે

પણ સ્વીકાર કરે છે. આજે કાર્લ માર્ક્સ મહત્વ ના સમાજવાદી વિચારક ગણવામાં આવે છે. અને તેઓ ના માટે દરેક વ્યક્તિ માટે 'સામ્યવાદ' શ્રેષ્ઠ છે..